પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૩૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૪-૧૦-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 36 PRICE :-RS. 1.50 DATE : 04-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કુડાસણમાં બે જુથ વચ્ચે માથાકૂટ તો અન્ય જગ્યાએ આપના કાર્યકરોને માર મરાયોની ફરિયાદ

## ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીમાં મહાસંગ્રામ જોવા મળ્યો

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં અનેક સ્થળે બબાલ થવાની ઘટનાઓ બની છે. કુડાસણમાં બે જૂથ વચ્ચે માથાકૂટ થતા ખુરશી ઉછળી હોવાના અહેવાલ છે. વોર્ડ ૧૦ હેઠળ આવતા સેક્ટર ૬માં કાળી કારમાં આવેલા ઈસમો દ્વારા આપનાં કાર્યકરોને માર મરાયો હતો. બૂથ તોડીને હુમલાખોરો જતા રહ્યાનો આપે આક્ષેપ કર્યો છે. પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. સેક્ટર-૧૫ વોર્ડ-૬માં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા આચારસંહિતાનો ભંગ કરવામાં આવ્યો



હોવાના અહેવાલ છે અને પોલીસે પાર્ટીના ૫૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી છે. ટોપી પહેરીને આવેલા આપના કાર્યકર્તાઓ પાસે આઈકાર્ડ માંગવામાં આવ્યા હોવાના પણ અહેવાલ છે. વોર્ડ ૫ હેઠળ આવતા સેક્ટર ૨૨ નાં ૧૦૦થી વધુ મતદારોના નામ યાદીમાંથી ગુમ થવાની બાબતે હોબાળો મચ્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જંગના મહા સંગ્રામમાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે આજે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. વહેલી સવારથી શરૂ થયેલુ મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થઈ રહ્યું હતુ. જોકે, જેમ જેમ દિવસ ચડતો જાય છે તેમ તેમ ક્યાંક હોબાળા થવાની ઘટનાઓ સામે આવવા લાગી છે. સેક્ટર-૧૫ વોર્ડ નં-૬માં આમ આદમી પાર્ટીના ૫૦થી વધુ કાર્યકર્તા ટોપી પહેરીને ફરતાં હોવાથી ડિટેન કરનામાં આવ્યા છે. ટોપી પહેરેલા આપના કાર્યકરોના આઈ કાર્ડ માંગવામાં આવ્યા હતાં. જ્યારે વોર્ડ ૫ હેઠળ આવતા સેક્ટર ૨૨ના ૧૦૦થી વધુ મતદારોના નામ યાદીમાંથી ગુમ થવાની બાબતે હોબાળો થયો હતો. કોર્પોરેશનની ચૂંટણી જંગના મહા સંગ્રામમાં આજે મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થઈ રહ્યું છે. તો ક્યાંક એક બીજા પક્ષ પર આક્ષેપ પણ કરવામાં આવી રહ્યાં છે. સેક્ટર-૨૪માં ભાજપના કાર્યકરો ખેસ પહેરીને ફરતા જણાતા કોંગ્રેસે વિરોધ કરતા હોબાળો મચ્યો હતો. ત્યારબાદ કાર્યકરોએ ખેસ ઉતાર્યા હતા. જ્યારે સેક્ટર-૧૫ વોર્ડ નં-૬માં આમ આદમી પાર્ટીના ૫૦થી વધુ કાર્યકરો ટોપી પહેરીને ફરતાં હોવાથી ડિટેન કરનામાં આવ્યા છે. જ્યારે વોર્ડ ૧૦ હેઠળ આવતા સેક્ટર ૬માં કાળી કારમાં આવેલા ઈસમો દ્વારા આપના કાર્યકરોને માર મરાયો તથા બૂથ તોડીને હુમલાખોરો જતા રહ્યાનો આપનો દાવો છે. આમ આદમી પાર્ટીએ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. જ્યારે વોર્ડ નં.૧૧ ના ભાટ ગામમાં બીજેપીએ બોગસ વોટિંગ કરાવતા આમ આદમી પાર્ટીએ અને તેમની લીગલ ટીમે વાંધો લેતા ગાંધીનગર એસ પી.મયુર ચાવડા સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ગાંધીનગર મનપા વિસ્તારમાં ૧૧ વોર્ડમાં ૪૪ બેઠકો માટે ૨.૮૨ લાખ મતદારો હાલમાં શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહ્યું છે. મનપા ચૂંટણી માટે ૨૮૪ મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૪૪ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. આ મતદાન મથકો ઉપર સ્થાનિક પોલીસની સાથે એસઆરપી જવાનોને પણ ફરજ સોંપવામાં આવી છે.આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત, ભાજપ-કોંગ્રેસના આક્ષેપ બાદ વોર્ડ ૫ હેઠળ આવતા સેક્ટર ૨૨નાં ૧૦૦થી વધુ મતદારોના નામ યાદીમાંથી ગુમ થવાની બાબતે પણ હોબાળો થયાના અહેવાલ સામે આવ્યાં છે. આપના કાર્યકરોને પોલીસે ડિટેન કરતાં આપની ટીમ કલેકટરને મળવા ગઈ હતી. આ અંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ લીગલ સેલના પ્રમુખ પ્રણવ ઠક્કરે જણાવ્યું હતુ કે, આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓની પોલીસે હેરનગતી કરે છે, જે અંગે અમે કલેકટર કુલદીપ કરીયા સાહેબને રજૂઆત કરી છે. કલેક્ટરે જણાવ્યુ છે કે, પોલીસને બુથથી ૨૦૦ મીટર દુર કોઈને રોકવાનો અધિકાર નથી. કોઈ પણ કાર્યકરતાઓએ ડરવાની જરૂર નથી કઈપણ તમને હેરાનગતી થતી જણાય તો લીગલ ટીમ હાજર છે તેમને જાણ કરવી.

## ગુજરાતમાં બનેલી તોપ ચીન સામે લદાખમાં તહેનાત

ન્યુદિલ્હી,

આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણેનું ચીન અને પાકિસ્તાનને લઈને શનિવારે નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે અમે ચીનનો સામનો કરવા માટે લદાખની સરહદો પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ ઝડપી કરી દેવામાં આવ્યું છે.આર્મી ચીફે જણાવ્યું હતું કે ચીને તાજેતરમાં સરહદ પરના વિસ્તારોમાં સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. ચીને પૂર્વીય લદાખ અને ઉત્તરી કમાન્ડ ઉપરાંત પૂર્વીય કમાન્ડમાં મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કર્યા છે. ભારત અને ચીન ઓક્ટોબરના બીજા સપ્તાહમાં સૈન્ય સ્તરની વાતચીતનો ૧૩મો રાઉન્ડ યોજે એવી શક્યતા છે. આશા છે કે અમે વાતચીત દ્વારા વિવાદોનો ઉકેલ લાવીશું.ફેબ્રુઆરીથી જૂન ૨૦૨૧ના અંત સુધી પાકિસ્તાનની સેનાએ એકપણ વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું નથી. છેલ્લા કેટલાક સમયથી



ઘૂસણખોરીના પ્રયાસોમાં વધારો થયો છે, પરંતુ તેને સિઝફાયર કરીને સપોર્ટ નથી કર્યું. છેલ્લા ૧૦ દિવસમાં સિઝફાયરના ઉલ્લંઘનના ૨ કેસ સામે આવ્યા છે. અમે અફઘાનિસ્તાનની સ્થિતિ અને એનાથી ભારતમાં થનારી અસર પર નજર રાખી રહ્યા છે. આવનારા સમયમાં સ્થિતિ શું હશે, એ કહેવું ઉતાવળભર્યું રહેશે.વિસ્તારવાદી ચીનને તેની જ ભાષામાં જવાબ આપવા માટે ભારતે પણ કમર કસી છે. પહેલીવાર લદાખની સરહદ પર શનિવારે ભારતે K-9 વજ્ર તોપો તહેનાત કરી છે. આ સેલ્ફ- પ્રોપેલ્ડ હોવિત્ઝર તોપ ૫૦ કિલોમીટર દૂર સુધી નિશાન સાધવા સક્ષમ છે. ચીન સાથે એક વર્ષથી લાંબા સમય સુધી સરહદ પર ચાલતા વિવાદને કારણે આ તોપ તહેનાત કરવામાં આવી છે. ગુજરાતમાં સુરત નજીક હજીરામાં k-9 વજ્ર તોપને લીલી ઝંડી આપીને સૈન્યમાં સામેલ કરાઈ હતી. ભારતીય આર્મી ચીફ નરવણે અને એ સમયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આ તોપ સામેલ થઈ હતી. બોર્ડર પર k-9 વજ્રને ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે. એનું સફળ પરીક્ષણ થઈ ચૂક્યું છે. એને આર્મીના દરેક રેજિમેન્ટમાં સામેલ કરવામાં આવશે, જેનાથી સેનાની શક્તિમાં વધારો થશે. ચીન સાથેની સરહદ પર સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને ભારતે સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. પાકિસ્તાન અંગે આર્મી ચીફે કહ્યું હતું કે અમારી પાસે દર અઠવાડિયે તેમની આર્મી સાથે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) સ્તરની બેઠક છે. આમાં અમે સ્પષ્ટપણે કહ્યું છે કે પાકિસ્તાને કોઈ આતંકવાદી પ્રવૃત્તિને સમર્થન ન આપવું જોઈએ.

### અભિનેતા શાહરૂખ ખાનના દિકરા આર્યનની ધરપકડ

## જહાજ રેવ પાર્ટીમાં NCBના દરોડાઃ આઠની ધરપકડ

મુંબઈ,

મુંબઈથી ગોવા જઈ રહેલી લક્ઝરી ક્રૂઝમાં ડ્રગ પાર્ટી થઈ રહી હતી, જેના પર NCBની ટીમે દરોડા પાડ્યા હતા. પાર્ટીમાં બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યનનું નામ સામે આવ્યું છે.જે બાદ તેની કડક પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. કલાકોની પૂછપરછ બાદ આખરે આર્યનની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેને જેજે હોસ્પિટલ લઈ જવાયો છે. આ કેસમાં ૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. એનસીબી અધિકારીઓના કહેવા પ્રમાણે બોલિવુડના પ્રસિદ્ધ અભિનેતાઓના બાળકો સામેલ હોવા અંગે તપાસ કરવામાં આવી રહી છે.

NCB મુંબઈ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે આર્યનની પૂછપરછની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું છે કે જે લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે, તેમાં શાહરુખનો પુત્ર આર્યન પણ સામેલ છે. વાનખેડેએ



જણાવ્યુ કે આર્યનની અત્યાર સુધી ધરપકડ કરવામાં આવી નથી. અત્યાર સુધીમાં શિપમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત થયું છે. તેની કિંમત કરોડોમાં હોવાનું કહેવાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ જપ્ત ડ્રગ્સ એમડી કોક અને હશીશ છે. NCB એ આર્યનનો મોબાઈલ ફોન પણ જપ્ત કરી લીધો છે અને તેની ચેટ્સ સર્ચ કરવામાં આવી રહી છે.

એનસીબીના સુત્રોનુ કહેવુ છે કે, ક્રુઝ પર પાર્ટી માટે સંતાડીને ડ્રગ્સ લાવવામાં આવ્યુ હતુ.કોઈએ પેન્ટની સિલાઈમાં તો કોઈએ શર્ટના કોલરમાં તો મહિલાઓએ પર્સના હેન્ડલમાં ડ્રગ્સ સંતાડ્યુ હતુ.કેટલાક લોકોના અન્ડરવેરમાંથી પણ ડ્રગ્સ પકડાયુ છે.

NCBની પૂછપરછમાં આર્યને એવો દાવો કર્યો છે કે તે પાર્ટીમાં તેના નામે લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સૂત્રોએ કહ્યું, ક્રૂઝ અંદર ચાલી રહેલી પાર્ટીનો એક વીડિયો પણ એનસીબીના હાથ લાગ્યો છે, જેમાં આર્યન જોવા મળી રહ્યો છે. આર્યને પાર્ટી દરમિયાન સફેદ ટી-શર્ટ, બ્લુ જીન્સ, રેડ ઓપન શર્ટ પહેર્યો હતો.

NCB સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી એવું પણ જાણવા મળ્યું છે કે પકડાયેલા લોકો પાસેથી રોલિંગ પેપર પણ મળી આવ્યા છે. મોબાઈલ ફોન જપ્ત, દ્રઝમ કરી રહી છે સઘન તપાસ NCBના અધિકારીઓએ શાહરૂખના પુત્ર આર્યનનો મોબાઈલ ફોન જપ્ત કર્યો છે. તેના મોબાઈલ ફોન પરથી મળેલી ચેટ્સની તપાસ કરવામાં આવી રહી છે.

બાકીના લોકોના મોબાઈલ ફોન પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે જે જપ્ત કરવામાં આવ્યા છે અને તપાસ કરવામાં આવી રહી છે. આ કેસમાં દિલ્હીથી આવેલી ત્રણ છોકરીઓને પણ કસ્ટડીમાં લઈ પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્રણેય મોટા ઉદ્યોગપતિઓની પુત્રીઓ જણાવવામાં આવી રહી છે.

NCBના દિલ્હી હેડક્વાર્ટરમાંથી સમગ્ર મામલા પર નજર રાખવામાં આવી રહી છે. NCBના અધિકારીઓનું કહેવું છે કે આ કેસમાં ન્યાય અને કાયદાનુસાર તપાસ થશે. જેમની ભૂમિકા હશે તેમના વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે.

## દેશભરમાં ડ્રગ્સનું દિનપ્રતિદિન વધતું દુષણ : યુવાપેઢી નશાને રવાડે

નવી દિલ્હી,

દેશમાં ડ્રગ્સની જે સિન્ડિકેટ ચાલે છે તેમાંથી ૨૫ પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણાના કેટલાક હિસ્સામાંથી સંચાલિત થાય છે.રાજસ્થાનમાં આવી નવ સિન્ડિકેટ સક્રિય છે અને દક્ષિણના કેરાલા, તામિલનાડુમાં ૧૦ સિન્ડિકેટ ચાલી રહી છે.ક્રુઝ શીપ પર પકડાયેલી હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટીના કારણે દેશમાં વધી રહેલા ડ્રગ્સના દુષણ પર ફરી એક વખત ધ્યાન ખેંચાઈ રહ્યુ છે. ડ્રગ્સનુ દુષણ માત્ર પંજાબમાં જ નહીં પણ હવે બીજે પણ વિસ્તરી રહ્યુ છે અને તેનો કારોબાર પણ દિવસે ને દિવસે વધી રહ્યો છે.આ પહેલા અદાણી પોર્ટ પરથી પણ કન્ટેનરમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો અને તેની કિંમત હજારો કરોડો રુપિયામાં થવા જતી હતી. દેશમાં ૨૦૨૦ના આંકડા પ્રમાણે ૧.૪૦ લાખ કરોડ રુપિયાના હેરોઈનનો વેપાર થયો હતો.દેશમાં ૧૪૨ ડ્રગ્સ સિન્ડિકેટ ચાલી રહી છે અને ૨૦ લાખ યુવાનો હેરોઈનના બંધાણી થઈ ચુકયા છે.આ ચોંકાવનારા આંકડા એનસીબી દ્વારા જ એક એનાલિસિસમાં રજૂ કરાયા હતા.નશીલી દવાઓના ઉપયોગે અને વેપારે હિન્દી ફિલ્મ જ નહી પણ સાઉથની કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પણ પ્રભાવિત કરી છે. ભારતની ડ્રગ્સ સિન્ડિકેટના સબંધો પશ્ચિમી યુરોપ, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકાના દેશો સાથે પણ છે.એનસીબીનુ અનુમાન છે કે, ૩૬૦ મેટ્રિક ટન છુટક હેરોઈનની તસ્કરી દર વર્ષે ભારતના અલગ અલગ શહેરોમાં થાય છે.આંકડા પ્રમાણે ૨૦ લાખ બંધાણીઓ રો જ૧૦૦૦ કિલોગ્રામ હેરોઈનનો ઉપયોગ કરે છે. પંજાબ ડ્રગ્સની દાણચોરીનુ કેન્દ્ર બનેલુ છે.અહીંયા એક વર્ષમાં ૧૫૪૪૯ લોકોને ડ્રગ્સની હેરફેરમાં પકડવામાં આવ્યા હતા.કુલ મળીને આખા દેશમાં એનડીપીએસ એકટ હેઠળ ૭૪૨૬૦ લોકોની ધરપકડ થઈ છે.ગયા વર્ષે જ ૧૮૬૦૦ લોકોને નશીલા પદાર્થો રાખવા માટે અને તેની હેરફેર કરવા માટે પકડવામાં આવ્યા હતા.

## ભારતની જમીન પર ચીન કબ્જો કરી રહ્યુ છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી,

રાહુલ ગાંધીએ પોતાના ટ્વિટની સાથે આર્મી ચીફના એ નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો છે જેમાં તેમણે કહ્યુ હતુ કે, ચીનના સૈનિકોની વધતી સંખ્યા ભારત માટે ચિંતાનો વિષય છે પણ આર્મી કોઈ પણ પ્રકારના પડકારને પહોંચી વળવા માટે સક્ષમ છે. રાહુલ ગાંધીના નિવેદન પર કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યુ હતુ કે, રાહુલ ગાંધી પાર્ટ ટાઈમ પોલિટિશિયન છે અને તેમને ગંભીરતાથી લેવાની જરુર નથી.ભારત અને ચીન વચ્ચે લદ્દાખ સીમા પર એક વર્ષથી તનાવની સ્થિતિ છે. તાજેતરમાં જ ચીને લદ્દાખમાં મોટી સંખ્યામાં સૈનિકની તૈનાતી વધારી હોવાના અહેવાલો પણ આવ્યા છે. જેને લઈને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ હવે મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે.રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને લખ્યુ હતુ કે, ચીન પાકિસ્તાન મી.૫૬ એટલે ભારતની ભૂમી પર વધી



રહેલો ચીનનો કબ્જો. રાહુલ ગાંધીએ આડકતરી રીતે છપ્પનની છાતી વાળા પીએમ મોદીના અગાઉના નિવેદન પર કટાક્ષ કર્યો છે અને આરોપ મુકયો છે કે, ભારતની જમીન પર ચીન કબ્જો કરી રહ્યુ છે.આ પહેલા પણ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, મી.૫૬ ચીનથી ડરે છે.તેના પહેલા પણ રાહુલ ગાંધીએ ચીનની સેના દ્વારા થઈ રહેલા રાત્રી યુધ્ધાભ્યાસ પર કહ્યુ હતુ કે, બોર્ડર પર નવા પ્રકારના યુધ્ધની શક્યતાઓનો આપણે સામનો કરી રહ્યા છે.તેને નજર અંદાજ કરવાથી કામ નહીં ચાલે.

## ભારતમાં પ્લાન્ટ પાસે માત્ર ૩ દીવસ ચાલે એટલો જ કોલસો બચ્યો

પશ્ચિમ બંગાળ,

ભારત દેશના આ તમામ ૧૩૫ પાવર પ્લાન્ટમાં કુલ વીજળી વપરાશના ૬૬.૩૫ ટકા વીજ ઉત્પાદન થાય છે. જો કોલસાના અભાવે ૭૨ પાવર પ્લાન્ટ બંધ થઈ જાય તો વીજળીનું ઉત્પાદન લગભગ ૩૩ ટકા ઘટશે. આનાથી દેશમાં વીજ સંકટ આવી શકે છે. સરકારી આંકડા અનુસાર કોરોના મહામારી પહેલા ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૯માં ભારતમાં દરરોજ ૧૦,૬૬૦ કરોડ યુનિટ વીજળીનો વપરાશ થયો હતો. હવે ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૧ માં તે વધીને ૧૪,૪૨૦ કરોડ યુનિટ થઈ ગઈ છે. બે વર્ષમાં કોલસાના વપરાશમાં ૧૮ ટકાનો વધારો થયો છે. ૫૦ માંથી ચાર પાવર પ્લાન્ટમાં ૧૦ દિવસ ચાલી શકે એટલો જ કોલસો છે જ્યારે બીજા ૧૩ પાવર પ્લાન્ટમાં ૧૦ દિવસથી વધુ ઉપયોગ થઈ શકે તેટલો કોલસો છે. કેન્દ્ર સરકારે કોલસાના સંગ્રહની સમીક્ષા કરવા માટે કોલસા મંત્રાલયના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી છે. આ ટીમો તેના પર નજર રાખી રહી છે. દેશમાં કોલસા સંકટનું મૂલ્યાંકન ઓગસ્ટમાં જ સામે આવ્યું હતું. ૧ ઓગસ્ટના રોજ માત્ર ૧૩ દિવસનો કોલસો સંગ્રહ બાકી રહ્યો હતો. પછી આ અછતને કારણે થર્મલ પાવર પ્લાન્ટ્સ પ્રભાવિત થયા. તેના કારણે ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં વીજ ઉત્પાદનમાં ૧૩,૦૦૦ મેગાવોટનો ઘટાડો થયો હતો.ચીનમાં હાલના દિવસોમાં વીજળીની કટોકટી ચાલી રહી છે. ઘણા ઉદ્યોગોની વીજળી કાપી નાખવામાં આવી રહી છે. તેની અસર તેના અર્થતંત્રને અસર થવાના ભયમાં કહેવામાં આવી રહી છે. પરંતુ ભારતમાં પણ ચીન જેવી પાવર કટોકટી ઉભી થઈ શકે છે. હકીકતમાં આ ચેતવણી કેન્દ્રીય વીજ મંત્રાલય અને અન્ય એજન્સીઓ દ્વારા આપવામાં આવેલા કોલસાના ડેટાનું મૂલ્યાંકન કરીને નિષ્ણાતો દ્વારા આપવામાં આવી છે. મંત્રાલયના ડેટા અનુસાર દેશના કુલ ૧૩૫ થર્મલ પાવર પ્લાન્ટમાંથી ૭૨ પાવર પ્લાન્ટમાં માત્ર ૩ દિવસ માટેનો જ કોલસો બચ્યો છે. આવી સ્થિતિમાં વીજળી માત્ર ૩ દિવસ માટે જ ઉત્પન્ન કરી શકાય છે.

## વડા પ્રધાને જળ જીવન મિશન એપ લોન્ચ કરી

નવી દિલ્હી,

વડાપ્રધાન મોદીએ દેશના અલગ અલગ ગ્રામ પંચાયતો સાથે ગુજરાતના માત્ર એક બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પીપળી ગામના ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો. મોદીએ રમેશભાઈ પટેલનુ નામ બોલતા ગ્રામજનોમાં ખુશી છવાઈ ગઈ હતી અને વડાપ્રધાને જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાની પાણી સમસ્યાથી હુ વાકેફ છું અને જિલ્લાના લોકોએ પાણીના મૂલ્યને સમજી સરસ કામગીરી કરી છે.મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે વડા પ્રધાન મોદીએ જળ જીવન મિશન મોબાઈલ એપ લોન્ચ કરીને ગામડાઓની જળ સમિતિના સભ્યો સાથે સંવાદ કર્યો હતો. વડા પ્રધાન મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જળ જીવન મિશન મહિલાઓના સમયની બચત કરીને તેમનું સશક્તીકરણ કરે છે. પરિવાર માટે પાણી લાવવાનો સમય બચતાં મહિલાઓ હવે વધારાની રોજગારી મેળવવા, બાળકોને ભણાવવામાં તે સમયનો ઉપયોગ કરતી થઈ છે. આ પ્રસંગે વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રીય જળ જીવન કોષની સ્થાપનાની પણ જાહેરાત કરી હતી.

## હરિયાણામાં ખેડૂત અને પોલીસ વચ્ચે ડાંગરની ખરીદી મામલે ઘર્ષણ થયું

હરિયાણા,

પંજાબના મુખ્યપ્રધાન ચરણજિતસિંહ ચન્નીએ શનિવારે મોટી જાહેરાત કરી હતી. તેમણે રેલવે પાટા પર ધરણાને મુદ્દે ખેડૂતો સામે થયેલા કેસ પાછા ખેંચવાના આદેશ કર્યા હતા. ચન્નીએ આરપીએફ વડાને પત્ર લખીને કેસ ઝડપથી પાછા ખેંચવા જણાવ્યું છે. કૃષિ કાયદાના વિરોધ માટે ખેડૂતોએ રેલવે વ્યવહાર રોકતાં આ કેસ થયા હતા. કેન્દ્ર સરકાર દ્વારા ડાંગરની ખરીદી વિલંબથી શરૂ કરવા નિર્ણય લેવાતાં રોષે ભરાયેલા ખેડૂતોએ મુખ્યપ્રધાન મનોહરલાલ ખટ્ટરના તેમ જ સાંસદો અને વિધાનસભ્યોના નિવાસ બહાર વિરોધ પ્રદર્શન માટે એકઠા થવાનું શરૂ કર્યાના કલાકો બાદ હરિયાણાના મુખ્યપ્રધાને જાહેરાત કરી હતી કે ડાંગરની ખરીદી રવિવારથી જ શરૂ થશે. આ પહેલાં હરિયાણા સરકારે ૧૧ ઓક્ટોબરથી ડાંગરની ખરીદી શરૂ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂત પ્રશ્નનું સમાધાન શોધવા હરિયાણાના મુખ્યપ્રધાન અને કૃષિ પ્રધાન બપોરે દિલ્હી પહોંચ્યા હતા. કેન્દ્રીય પ્રધાનો સાથે ચર્ચા વિચારણા કર્યા પછી મુખ્યપ્રધાન ખટ્ટરે સરકાર દ્વારા ડાંગરની ખરીદી રવિવારથી જ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પહેલાં ખેડૂતોએ પાક ખરીદીમાં વિલંબને મુદ્દે વિરોધ નોંધાવતા ખેડૂત સંગઠનોએ શનિવારે રાજ્યના વિધાનસભ્યો અને સાંસદોના નિવાસે દેખાવો કર્યા હતા. સાંસદો અને વિધાનસભ્યોના ઘર સુધી પહોંચવા તેમણે બેરિકેડ્સ પણ તોડી નાખ્યા હતા. ખેડૂતોએ કરનાલમાં મુખ્યપ્રધાન મનોહર ખટ્ટરના સરકારી નિવાસ સુધી પહોંચવા પણ બેરિકેડ્સ તોડયા હતા. પોલીસે તેમને વેરવિખેર કરવા વોટર કેનનો મારો ચલાવ્યો હતો. ખેડૂતોએ મુખ્યપ્રધાનના



નિવાસને ઘેરાવ કરી લીધો હતો. ખેડૂતો નિવાસ સામે જ રસ્તા પર ધરણા પર બેસી ગયા હતા. કુરુક્ષેત્ર, યમુનાનગર સહિત અનેક જિલ્લામાં ખેડૂતોએ ઉગ્ર દેખાવો કર્યા હતા. પંચકુલામાં પોલીસે ખેડૂતો પર લાઠીચાર્જ કર્યો હતો. ખેડૂતો ડાંગર ભરેલા ટ્રેક્ટર ટ્રોલી લઈને ભાજપના નેતા જ્ઞાનચંદ ગુપ્તાના નિવાસને ઘેરાવો કરવા પહોંચ્યા હતા. અમૃતસરમાં રાજ્યના નાયબ મુખ્યપ્રધાન ઓ.પી.સોની તેમ જ જાલંધર કેન્ટમાં શિક્ષણ પ્રધાન પરગટસિંહના નિવાસ સામે પણ ખેડૂતોએ દેખાવો કર્યા હતા. પરગટસિંહ ઘેર ના મળતાં ખેડૂતો સિંકટ હાઉસ પહોંચ્યા હતા. પરગટસિંહે કહ્યું હતું કે, ડાંગરની ખરીદીમાં કેન્દ્ર સરકાર વિલંબ કરી રહી છે. પંજાબ સરકારે સરકારી બજારોમાં ખરીદીની પૂરી વ્યવસ્થા કરેલી છે અને બારદાનોની પણ કમી નથી. ખેડૂત સંગઠનોએ હિસારમાં હરિયાણાના નાયબ મુખ્યપ્રધાન દુષ્યંત ચૌટાલા સહિત ભાજપના વિધાનસભ્યોના નિવાસે પહોંચીને પણ દેખાવો કર્યા હતા. પાક ખરીદીમાં થઈ રહેલા વિલંબના વિરોધમાં તેમણે કપાસ, બાજરા, ડાંગરની ઊપજના અવશેષો વિધાનસભ્યોના ઘર પર ફેંક્યા હતા. હિસારમાં નાયબ સ્પીકર રણવીર ગંગવા સહિતના સંખ્યાબંધ વિધાનસભ્યોના નિવાસ બહાર દેખાવો થયા હતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. એન. શેઠ
મુ. હાલોલ ચરણદાસનો ખાંચો,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સી. કે. પરીખ
મુ. તાડીયા,
તા. હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખેરોલી ખાતે

# મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં આયુર્વેદ રત્ન એવોર્ડ પ્રાપ્ત કરતાં યુવા વૈદ્ય ડો. સંજયભાઇ ભોઇ

લુણાવાડા,
આયુષ ઇન્ટરનેશનલ મેડીકલ એસોસિએશન દ્વારા તાજેતરમાં મહારાષ્ટ્રના ઔરાંગાબાદ ખાતે એઆઇએમએ રત્ન એવોર્ડસ-૨૦૨૧થી સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિયામક, ગાંધીનગરની આયુષ કચેરી દ્વારા સંચાલિત મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખેરોલી ગામે મહીસાગર જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનામાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં યુવા વૈદ્ય સંજયભાઇ ભોઇનું તેઓએ આયુર્વેદમાં આપેલ પ્રદાન અને કાર્ય બાદ આયુર્વેદ રત્ન-૨૦૨૧ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડો. સંજયભાઇ ભોઇ છેલ્લા ઘણા સમયથી આયુર્વેદ ક્ષેત્રે પોતાના ઉમદા કાર્યો અને સેવાઓ થકી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તેઓએ મહીસાગર જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક કોરોનાની મહામારીના કપરા સમયમાં પ્રાચીનતમ ભારતીય સંસ્કૃતિની આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો અસરકારક અમલ કરી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ઉકાળા અને દવાઓ છેવાડાના ગામડાંઓમાં વસતા નાગરિકો સુધી પહોંચે તે માટેનો પ્રચાર-પ્રસાર કરીને નાગરિકોના સ્વાસ્થ્ય માટે નિદાન-સારવાર કરવાનો અથાગ પ્રયાસ કર્યો હતો. કોરોનાના આ કપરા સમયગાળા દરમિયાન લોકોમાં આયુર્વેદ જાગૃતિ આવે તથા તે મુજબની ઉપચાર પદ્ધતિ નાગરિકો તેમની જીવનશૈલીમાં આયુર્વેદ અપનાવે તે માટે પણ સતત પ્રયત્નશીલ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ડો. સંજયભાઇ ભોઇએ આયુર્વેદ ક્ષેત્રે જવલ્લેજ ઉપયોગમાં લેવામાં આવતી ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે વિદ્ધકર્મ-અગ્નિકર્મ-રકતમોક્ષણ તેમજ જાલંધરબંધ દ્વારા ઇન્જેકશન વગર દાંત કાઢી આપવામાં પણ તેઓ પોતાનું આગવું કૌશલ્ય ધરાવે છે. તેમની આ આગવી કૌશલ્ય પદ્ધતિના કારણે સમગ્ર રાજયમાંથી દર્દીઓ તેઓની સારવાર લેવા માટે ખેરોલી આવે છે. જયારે તેઓની પાસે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના શિક્ષણ માટે દેશભરમાંથી આયુર્વેદના વિદ્યાર્થીઓ મહીસાગર જિલ્લામાં આવી રહ્યા છે. આ પદ્ધતિના શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓને તેઓ નિઃશુલ્ક જ્ઞાન આપી રહ્યા હોવાથી તેઓના આ ઉમદા કાર્ય થકી તેઓ આયુર્વેદ ક્ષેત્રે યુવા માટે આદર્શ બન્યા છે.

આમ, તેઓના આયુર્વેદ ક્ષેત્રે કરવામાં આવી રહેલ પ્રદાન અને પ્રચાર-પ્રસાર તેમજ માર્ગદર્શનને ધ્યાને લઇને એઆઇએમએ દ્વારા ''આયુર્વેદ રત્ન-૨૦૨૧'' થી સન્માનિત કરવામાં આવ્યા છે.

બીજી એક ખાસ વાત નોંધવા જેવી એ છે કે, ડો. સંજયભાઇ ભોઇની તાજેતરમાં એટલે કે મે-૨૦૨૧માં જ આયુષ ઇન્ટરનેશનલ મેડીકલ એસોસિએશન (એઆઇએમએ) દ્વારા રાષ્ટ્રીય પ્રવકતા તરીકે નિયુકિત કરવામાં આવી હતી.

એ..આઇ.એમ.એ. એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે ગ્લોબલ મેડીકલ એસોસિએશન તેમજ આયુષ ફાઉન્ડેશન કેન્દ્ર સરકાર એકટ-૧૮૬૦ અંતર્ગત કાર્યરત સંસ્થાની શાખા છે. જે વિશ્વભરમાં આયુર્વેદના પુનરૂત્થાન અને પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહી છે. આમ, મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખેરોલી ગામે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં ડો. સંજયભાઇ ભોઇએ મહીસાગર જિલ્લા સહિત સમગ્ર રાજયનું ગૌરવ વધાર્યું છે.

## પૂ.બાપૂની ૧૫૨ મી જન્મ જયંતિ નિમિત્તે જલ જીવન મિશન અંતર્ગત મહીસાગર જિલ્લામાં ખાસ ગ્રામસભાઓનું આયોજન

લુણાવાડા,
ભારતના રાષ્ટ્રપિતા અને આપણાં સૌના પૂ. ગાંધી બાપુની ૧૫૨ મી જન્મ જયંતિના અવસરે સમગ્ર મહીસાગર જિલ્લામાં ગામેગામ ગ્રામસભાઓનો આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી સહિત જિલ્લાના વર્ગ - ૧ અને વર્ગ-૨ના અધિકારીઓએ વિવિધ ગામોમાં યોજાયેલ ગ્રામસભામાં સહભાગી થયાં હતાં.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહાત્મા ગાંધી જયંતિ - ૨૦૨૧ નિમિત્તે જલ જીવન મિશન અંતર્ગત મહીસાગર જિલ્લામાં ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં યોજાઇ રહેલ ગ્રામસભાઓ અંતર્ગત લુણાવાડા તાલુકાના વેરામા ખાતે તા.બીજી ઓકટોબર મહાત્મા ગાંધી જયંતી ૨૦૨૧ નિમિત્તે જલ જીવન મિશન અંતર્ગત યોજાયેલ ગ્રામસભામાં પાણી સમિતિઓ સાથે પ્રધાનમંત્રીનો સંવાદ કાર્યક્રમ યોજાયેલ તેમાં કમિશનર વી.ડી. મેકવાન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પાટીદાર વાસ્મો મહિસાગર જિલ્લાના યુનિટ મેનેજર, જિલ્લા કોર્ડીનેટર, મેનેજર, કર્મચારી, વેરામા ગામના સરપંચ, તલાટી ગ્રામ પંચાયત અને પાણી સમિતિઓના સભ્યો તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ગ્રામસભાઓમાં દરેક ગ્રામ પંચાયતમાં પાણી સમિતિની ફરજિયાત રચના તેમજ ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈની રચના, પાણી સમિતિના કાર્યો અને ફરજો વિશે ચર્ચા, ગ્રામ કક્ષાએ વિકાસના કામો અંગેનું સ્થાનિક ભાષામાં માહિતી દર્શાવતું બેનર લગાડવું, ગ્રામ પંચાયતમાં પાણી માટે આગામી પાંચ વર્ષનો વિલેજ એકશન પ્લાન તૈયાર કરવો, પાણી પુરવઠાની યોજનાઓનું આયોજન અને અમલીકરણની ચર્ચાઓ, ગ્રે વોટર મેનેજમેન્ટની જાણકારી આપવી અને અમલ, હર ઘર જલ અને નલ સે જલ યોજનાની જાણકારી, દરેક ઘરને સો ટકા નળયુક્ત જોડાણ સાથે કરવાનું લક્ષ્ય રાખીને આયોજન, પાણી, સ્વચ્છતા અને ચોખ્ખાઈનું મહત્વ અને સમજણ, ગામની નજીકમાં ઉપલબ્ધ જળ ગુણવત્તા ચકાસણી પ્રયોગશાળાની માહિતી, ૧૫મા નાણાપંચ હેઠળ પાણી અને સ્વચ્છતા માટે ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ કરવાની માહિતી આપવામાં આવી હતી. જયારે હજુ જે નાગરિકોએ કોરોનાની રસી નથી મૂકાવી તેવા નાગરિકોને ઝડપથી રસીકરણ કરાવી લેવા માટેની અપીલ કરવામાં આવી હતી.

વેરામા ખાતે યોજાયેલ ગ્રામસભા પૂર્ણ થયા બાદ મહાનુભાવોએ ગામની વાસ્મોની નલ સે જલ યોજનાનું નિરીક્ષણ કર્યું હતું.

## લુણાવાડા નગરપાલિકાના ત્રણ વોર્ડની તેમજ લુણાવાડા અને બાલાસિનોર તાલુકા પંચાયતની બેઠકો માટેની યોજાયેલ પેટા ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન

લુણાવાડા,
રાજય ચૂંટણી પંચ દ્વારા આજે રાજયની વિવિધ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીની સાથે મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/જિલ્લા-તાલુકા પંચાયતોની વિવિધ કારોણસર ખાલી પડેલ જગ્યાઓની પેટા ચૂંટણી યોજવામાં આવી હતી. આ પેટા ચૂંટણી અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડા નગરપાલિકાના વોર્ડ નં. ૪, ૫ અને ૭ની એક-એક બેઠકો મળી ત્રણ બેઠકો તથા લુણાવાડા તાલુકા પંચાયતની ૧૦-ખેમપુર અને બાલાસિનોર તાલુકા પંચાયતની ૧૧-પાંડવા-૧ બેઠકની



પેટા ચૂંટણીનું મતદાન જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ડો. મનિષકુમારના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ રીતે થવા પામ્યું હતું. મતદારો પણ સવારથી મતદાન કરવા મતદાન મથકોએ પહોંચી ગયા હતા અને તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## સંતરામપુર ડાયટ દ્વારા પ્રકાશીત ''મહિસાગર જીલ્લાની કેળવણીનો ઈતિહાસ'' પુસ્તીકાનું વિમોચન

લુણાવાડા,
સંતરામપુર ડાયટ ખાતે અગ્ર શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ સી.આર.સી., બી.આર.સી., કો-ઓર્ડિનેટરઓ, તમામ ટી.પી.ઇ.ઓ.ઓ, બીટ નિરીક્ષક તથા ડાયટ પરિવારની હાજરીમાં સ્કૂલ ઓફ અકસલન્સ અંગેની સમીક્ષા બેઠક મળી હતી.

આ બેઠકમાં ડાયટ સંતરામપુર દ્વારા પ્રકાશિત'' મહિસાગર જિલ્લાની કેળવણીનો ઈતિહાસ'' પુસ્તકનું અગ્ર શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

ડાયટ, સંતરામપુર દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં મહિસાગરમાં કેળવણીની આરંભ કાળથી શરૂ કરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

પ્રાચીન સમયનું શિક્ષણ, રાજા રજવાડા સમયનું શિક્ષણ ,બ્રિટિશ ઈન્ડિયા (અંગ્રેજ શાસન)સમયનું શિક્ષણ અને આઝાદી પછીનું શિક્ષણ આમ તમામ સ્તરની શિક્ષણ વ્યવસ્થા, શિક્ષણનું માળખું, કેળવણીકારો, સમાજ સુધારકો તેમજ અંગ્રેજ શાસકો, રાજા-મહારાજાઓ અને વિવિધ સંસ્થાઓનું કેળવણીમાં યોગદાન અને જે-તે સમયમાં થયેલ શિક્ષણનો વિકાસ, સંસ્થાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની આંકડાકીય વિગતો ફોટોગ્રાફ સાથે રસપ્રદ રીતે આ પુસ્તિકામાં મૂકવામાં આવી છે. આ પુસ્તિકા તૈયાર કરવામાં વિવિધ સંદર્ભો, ગેઝેટસ અને વિવિધ સંસ્થાઓ તરફથી પ્રાપ્ત આધારભૂત માહિતી અને જે તે સમયના વડીલો, કેળવણીકારો અને સમાજ સુધારકો પાસેથી માહિતી મેળવીને ફોટોગ્રાફ સહિતનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પુસ્તકનું આલેખન અને સંપાદન કાર્ય ડાયટ સંતરામપુરના પ્રિન્સિપાલ ડો. એ.વી.પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તિકામાં જરૂરી સંદર્ભો સાથે ફોટોગ્રાફ્સ અને વિવિધ લેખકો કવિઓ અને સાહિત્યકારોએ મહીસાગરના શિક્ષણ જગતને ઉજળું બનાવવામાં આપેલા અમૂલ્ય ફાળાનું વર્ણન કરવામાં આવવ્યું છે. આ પુસ્તકમાં તેનું વિવરણ અને જુના પુરાણા ફોટોગ્રાફ્સના સુંદર સંકલન કરવા બદલ પુસ્તિકાની કામગીરીને બિરદાવી શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવ, જિલ્લા શિક્ષણાધિકારી કે. ડી. લાખાણી સહિત શિક્ષણ જગત સાથે સંકળાયેલ તમામે આ પુસ્તકની પ્રશંસા કરી આ પુસ્તક આજની યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક બની રહેશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

## ગોધરા સરકારી ઈજનેરી કોલેજ ખાતે NSS યુનિટ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત કેમ્પનું આયોજ કર્યું

ગોધરા,
સરકારી ઇજનેરી કોલેજ, ગોધરાના NSS યુનિટના વિદ્યાર્થી ઓ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તારીખ ૨૬/૦૯/૨૦૨૧ to ૦૨/૧૦/૨૦૨૧ રોજ સુધી ૧ અઠવાડિયાનો કેમ્પ યોજાઈ ગયો. સમગ્ર કેમ્પનુ આયોજન NSS GEC GODHRA યુનિટ ના સ્ટુડન્ટ કોર્ડિનેટર વેદાંત ચાવડા, ફેકલ્ટી કોર્ડિનેટર પ્રો એન જે પરમારે આચાર્ય પ્રો એ કે પટેલના માર્ગદર્શન હેઠળ યોજેલ હતું. જેમાં લોકવિજ્ઞાન કેન્દ્ર ગોધરા, સહેલી સંસ્થા, પ્રાથમિક શાળા અને ગ્રામ પંચાયત મીઠાલી, ડો. સુજાત વલી તેમજ સંસ્થાના પ્રો. હાર્દિક શુક્લ, પ્રો દીક્ષિત પાઠક, પ્રો. એમ.કે. પટેલ, પ્રો. લલિત નરસિંગાણી, સીતાબેન વિગેરેનો ખુબ સહયોગ મળ્યો હતો. જે અંતર્ગત નીચે મુજબની પ્રવૃત્તિઓ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

કરવામાં આવી હતી.
૧. રસીકરણ વિશે સર્વે. ૨. ''લોક વિજ્ઞાન કેન્દ્ર, ગોધરા'' દ્વારા વિજ્ઞાન ને લાગતા વિવિધ પો્જેક્ટ નુંડેમોસ્ટ્રેશન. ૩. મિથાલી હાઇસ્કૂલના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર. ૪. રસીકરણ જાગૃતિ અને શિક્ષણના મહત્વ પર નાટક તેમજ રેલી. ૫. સહેલી નામક સંસ્થા દ્વારા ''માસિક સ્વચ્છતા'' ના મહત્વ પર સેમિનાર અને સેનેટરી પેડ વિતરણ. ૬.ડો. સુજાત વલી દ્વરા ''અંધશ્રદ્ધા મુક્તિ માટે'' નો સેમિનાર. ૭. ગાંધી જયંતિના શુભ પ્રસંગે માસ્ક તથા મીઠાઈનુ વિતરણ. ૮. શાળાના પીવાના પાણી ભરવાની ટાંકીની સફાઈ અને સમારકામ. આમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓના મુખ્ય કોર્ડિનેટર વેદાંત ચાવડા ની સાથે પ્રદિપ સિંહ,વિકાસ યાદવ,જૈનુલ હુસૈન, અનિકેત રાજપૂત,રવિરાજ ગોહિલ, ભાર્ગવસિંહ ઠાકુર, ભાર્ગેશ પરમાર, વૃશાંગ પરમાર, દર્શિલ પટેલ, આયુષ મહેતા, વિશાલસિંહ, એબેન વિલ્સન, વિશાલ સિંહ, ધ્રુવ વિશ્વકર્મા, અસફાન બાવજીર, કાર્તિક ડબગર, અતુલ શર્મા, મેહુલ બારીયા, ચૌહાણ દીગવિજય ઉપરાંત વિદ્યાર્થીનીઓમા મુખ્ય કોર્ડિનેટર રિયાસિંહ ની સાથે હીર પટેલ,જહાનવી પટેલ, આરાધના શુકલા સ્વેતાસિંહ ,વિધિ કુમાવત, કાંક્ષી જોશી, સપના પરમાર, યામિની બારિયા,દિપાલી પરમાર વિગેરે એ આ કેમ્પના સફળ આયોજનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ગામના મુખ્ય યજમાન તરીકે મિથાલી ગામના સરપંચ મતી કૈલાસબેન જયૈન્દ્રસિંહ પરમાર અને પ્રાથમિક સ્કૂલના આચાર્ય વિપુલ એ પણ સરસ સહકાર અને NSS યુનિટના વિદ્યાર્થીઓ સાથે સંકલન કર્યું હતું. સંસ્થાના NSS કોર્ડિનેટર પ્રો. એન.જે. પરમાર અને મિકેનિકલ વિભાગના અધ્યાપક પ્રો. હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું કે, સંસ્થાના આચાર્ય પ્રો. એ.કે.પટેલના અવિરત માર્ગદર્શન થી સંસ્થાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો નિયમિત રીતે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે. મુખ્ય વિદ્યાર્થી કોર્ડિનેટર વેદાંત ચાવડા અને રિયાસિંઘે જણાવ્યું હતું અમે NSS મૂળભૂત ઉદ્દેશ થકી આ કેમ્પમાં અલગ અલગ સંસ્થાઓના સહકાર થી વિવિધ પ્રવુતિઓ કરી ગ્રામજનોના આશીર્વાદ પણ મેળવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેઓ NSS યુનિટ ગોધરાના તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આચાર્યનો જરૂરી સહકાર બદલ આભાર માનીએ છીએ.

## રિમાન્ડ દરમ્યાન રાજુ ભટ્ટ દ્વારા સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાની કબૂલાત

વડોદરા,
દુષ્કર્મ કેસનો આરોપી રાજુ ભટ્ટ ૩ દિવસના પોલીસ રિમાન્ડ પર છે. આ દરમિયાન સ્પાય કેમેરા, પીડિતા, કાનજી મોકરિયા અને અશોક જૈન સહિતના મુદ્દે આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. રિમાન્ડ દરમિયાન અનેક ચોંકાવનારા ઘટસ્ફોટ થવાની પણ શક્યતા છે.પીડિતાએ પોલીસ સમક્ષ કરેલી ફરિયાદમાં અશોક જૈન અને રાજુ ભટ્ટ વચ્ચે આજવા રોડની સહારાની ૩૦૦ કરોડની જમીનની ડીલ અંગે મિટીંગ થઇ હોવાનું અને તે મીટીંગ માટે અશોક જૈન તેને તેમની મર્સીડીઝમાં લઇ ગયો હોવાનું જણાવ્યું હતું.અશોક જૈને રાજુ ભટ્ટ સહારાની લેન્ડનો ઇન્વેસ્ટર છે તેમ કહી તેને ખુશ કરવા પણ કહ્યું હતું. પોલીસે જયારે રાજુ ભટ્ટને પકડયો ત્યારે શરુઆતમાં તો રાજુ ભટ્ટે આવી કોઇ ડીલ ના હોવાનું જણાવ્યું હતું પણ ત્યારબાદની પુછપરછમાં રાજુ ભટ્ટે જમીન માટે જમીન માટે અશોક જૈન સાથે વાત થઇ હોવાની કબૂલાત કરી હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. જો કે તપાસ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે સહારાની જમીનની ડીલ અંગે અશોક જૈન પકડાશે ત્યારે જ પુરી માહિતી મળી શકશે. દુષ્કર્મ કેસનો મહત્વનો આરોપી અશોક જૈન હજું પણ ફરાર છે , તેણે આગોતરા જામીન



અરજી મુકેલી છે. સોમવારે પોલીસ આ મામલે સોગંદનામુ કરશે . બીજી તરફ મામલામાં બુટલેગર અલ્પુ સિંધીનું પણ નામ બહાર આવ્યું છે જેથી પોલીસ તેને પણ શોધી રહી છે. અલ્પુ સિંધી વારસીયા અને વરણામાના ૨ ગુનામાં હાલ વોન્ટેડ છે અને તે પકડાશે ત્યારે આ મામલામાં પણ તેની પુછપરછ કરી નિવેદન લેવાશે આરોપીના વકીલે આરોપ લગાવ્યો હતો કે અલ્પુ સિંધીએ અશોક જૈનને ૫ લોકોના નામનું લિસ્ટ મોકલ્યું હતું જેમાં અશોક જૈનનું નામ ૨ વખત અને તથા તેના પુત્રનું નામ અને કાનજી મોકરીયાનું નામ ઉપરાંત ગોધરા નજીકના ગામના એક વ્યક્તિનું પણ નામ લખેલું હતું. આ લિસ્ટ પૈકી કાનજી મોકરીયાને પોલીસે ઝડપી લીધો હતો. જ્યારે અશોક જૈન હજુ ફરાર છે અને તેના પુત્રની પણ લાંબી પૂછપરછ થઇ હતી.પીડિતા દુષ્કર્મની ફરિયાદ ન કરી સમાધાન કરી લે તે માટે રાજુ ભટ્ટ દ્વારા અનેક વાર પ્રયાસો કરાયા હતા. જેમાં ક્રાઇમ બ્રાંચના તત્કાલિન પીઆઇ એ બી જાડેજાએ પણ ભૂમિકા ભજવી હોવાનું સપાટી પર આવ્યું હતું. જેને પગલે ડીસીપીને તપાસ સોંપાઇ હતી. જે પૂર્ણ થયા બાદ તેનો રિપોર્ટ પોલીસ કમિશનરને સુપરત કરાયો હતો. જો કે તપાસ રિપોર્ટની વિગતો જાણવા મળી શકી ન હતી.વડોદરાના ચકચારીભર્યા દુષ્કર્મ કેસની તપાસ કરી રહેલી પોલીસની તપાસમાં રાજુ ભટ્ટે પીડિતા સાથે સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય કર્યું હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે આરોપી રાજુ ભટ્ટ સામે સૃષ્ટિ વિરૃદ્ધના કૃત્યની કલમનો ઉમેરો કર્યો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રેપ કેસના આરોપી રાજુ ભટ્ટના કેટલાક ફોટા વાઇરલ થયા હતા.જે ફોટા તેને બતાવી પૂછપરછ કરાતાં રાજુ ભટ્ટ પડી ભાંગ્યો હતો અને પીડિતા સાથે બે વાર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે તે અંગેની કલમ ઉમેરી તપાસ શરૂ કરી હતી. બળાત્કારનો ભોગ બનેલી પીડિતાને આરોપી અશોક જૈને જે નિસર્ગ કોમ્પ્લેક્ષનો ૯૦૩ નંબરના ફ્લેટ ભાડે અપાવ્યો હતો. આ ફ્લેટમાં લગાવવામાં આવેલા સ્પાય કેમેરાનું મેમરી કાર્ડ પોલીસ હજી સુધી પોલીસને મળ્યું નથી. આ મેમરી કાર્ડ પોલીસને મળે તો મોટા ઘટસ્ફોટ થવાની શક્યતા છે. દુષ્કર્મ કેસમાં રાજુ ભટ્ટની ધરપકડ થયા બાદ અશોક જૈન પણ જલ્દી જ પકડાઇ જશે, તેમ માનવામાં આવી રહ્યું હતું. પરંતુ ફરિયાદ થયાના ૧૫ દિવસ થવા છતાં પોલીસ અશોક જૈન સુધી પહોંચી શકી નથી. આ દરમિયાન આવતીકાલે સોમવારે અશોક જૈનના આગોતરા જામીન અરજીની કોર્ટમાં સુનાવણી થવાની છે. પિડીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાજુ ભટ્ટે ટીવી ઉંચુ કરી તેને માર્યું હતું જેથી પિડીતાને જમણા પગમાં વાગ્યું હતું ત્યારબાદ રાજુ ભટ્ટે તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. પોલીસે તપાસ દરમિયાન આ ટીવી તુટેલી હાલતમાં કબજે કર્યું હતું. સ્થળ પરથી પોલીસને તુટેલી હાલતમાં ટીપોય મળી હતી. તેમજ સ્પાય કેમેર લગાવેલુ બોર્ડ જે તૂટેલુ હતું તે રિપેર કરેલી હાલતમાં મળ્યું હતું.

## ગોધરા વ્હોરવાડ ટાવર ખાતે વડાપ્રધાનના જન્મ દિવસ નિમિતે લઘુમતિ મોરચાએ નોટોનું વિતરણ કર્યુ

ગોધરા,
પંચમહાલ જિલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ મુસ્તુફાભાઈ પુનાવાલા, ઉપપ્રમુખ રિઝવાન મુલતાની દ્વારા આયોજિત ગોધરા મુકામે વ્હોરવાડ ટાવર પાસે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિતે સેવા સમર્પણ અભિયાન અંતર્ગત અંદાજિત ૨૫૦ જેટલાં ગરીબ વિદ્યાર્થીઓને નોટબૂક પેન પેન્સિલ વગેરે ની ૨૦૦૦ જેટલી કીટ વિતરણ કરવામાં આવી. જેમાં ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, ભાજપના ગોધરા નગર પ્રમુખ દિલીપભાઈ દશાડિયા તેમજ ગોધરા અર્બન બેન્કના મેનેજર અને એમ ડી તેમજ ગોધરા નગર હાલોલ કાલોલ શહેરા મંડળના હોદ્દેદારો તેમજ જીલ્લા લઘુમતી મોરચાના તમામ હોદ્દેદાર દરેક મંડલના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહી નોટબુક



વિતરણના કાર્યક્રમને સફળ બનાવેલ નોટબુક વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પ્રમુખ મુસ્તુફાભાઈ પુનાવાલા સાથે જિલ્લા ઉપપ્રમુખ રિઝવાન મુલતાની, ડો.વાઘજીપુરવાલા, મહેફુઝખાન પઠાણ, જિલ્લા મહામંત્રી સમંદરખાન, જિલ્લા મંત્રી રમઝાન શૈખ, તૈયબ કલંદર, ગોધરા નગર પ્રમુખ સરફરાઝ શૈખ, કાલોલ શહેર પ્રમુખ ઈકબાલ દીવાન, ગોધરા અર્બન બેન્ક લી.ના મેનેજર અંન્ટેલાવાલા અને એમ ડી સાહેરવાલા અસગરીભાઈ સાજીદ દલાલ અને નઈમ મિસ્ત્રી એ ખુબ જ સરસ સહયોગ આપેલ.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દેવગઢબારીયા તાલુકા ના જુનાબારીયા અને બૈણા ગામે ગેરકાયદેસર રીતે ચાલતી રેતી ખનન પ્રવૃત્તિ : અન્ય ખેડૂતોનું જમીનમાં પણ થતું નુકશાન

દાહોદ,

દેવગઢબારીયા તાલુકા માં સફેદ રેતીનો કાળો ધંધો તંત્ર ની મીઠી નજર હેઠળ બહુ ફુલ્યોફાલ્યો છે. દેવગઢબારીયા માંથી પસાર થતી પાનમ નદી અને ઉજ્જ્વળ નદી એમ આ બે નદીઓ સ્થાનિક ખેડૂતોની જીવાદોરી સમાન છે પણ સાથોસાથ હવે કેટલાક વર્ષોથી ખનીજ માફિયાઓની પણ જીવાદોરી બની છે. જુનાબારીયા, બૈણા, ચેનપુર જેવા ગામડામાં નદી કાંઠા ઊંડી ખીણોના લીધે જોખમી બન્યા છે.

દેવગઢબારીયાની પાનમ નદી અને ઉજ્જ્વળ નદી ઉપર સરકારના ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કાયદેસરની રેતીની લીઝ આપવામાં આવેલ પટા (વિસ્તાર) મુજબ રેતીનું ખનન થતું નથી. દેવગઢબારીયાના જુનાબારીઆ અને બૈણા ગામમાં સરકારની મંજુર કરેલ લીઝ સિવાય બીજા અન્ય લોકો કોઈપણ જાતના પરમિશન વગર વહેલી સવાર થી લઈને સાંજ સુધી ટ્રકોમાં રેતી ભરીને કોઈપણ રોયલ્ટી પાસ વગર ટ્રકો પસાર કરી સરકાર ની તિજોરી ને મોટુ નુકશાન પહોંચાડી રહ્યા છે. દાહોદ જિલ્લા ખાનખનીજના અધિકારીઓની ગાડી માંડ દેવગઢબારીયા તાલુકામાં આવતા આ લીઝો ના માલિકોને ખબર પડતા તુરંત રેતીનો ધંધો બંધ કરી દેતા હોય છે. મળતા અહેવાલ મુજબ હમણાં થોડા દિવસ પહેલા પંચમહાલ જિલ્લાના ભુસ્તર અધિકારીએ ઓચિંતા તપાસ કરતા રેતીના વાહનો લઈ નાસભાગ થઈ હતી અને અમુક ગાડીઓનો દંડ પણ કરવામાં આવેલ. થોડા દિવસ આ ધંધો બંધ..!!!. અને ફરીથી કોની મહેરબાની થી આ લીઝ બે દિવસ થી ધમધમી રહી છે. તે તપાસ નો વિષય છે.

બીજી તરફ લીઝ ધારકો પોતાની મંજુર થયેલી લીઝ ઉપરાંત ની વધારે જમીન માંથી રેતીનું ગેરકાયદેસર રીતે ખોદકામ કરી કોઈપણ જાત ની રોયલ્ટી પાસ વગર રેતી ઓવર લોડ ટ્રકોમાં ભરી દેવગઢબારીયા થઈને પીપલોદ સુધી નાણાકીય વ્યવહાર કરીને ટ્રકો પસાર કરાવી દેતા હોય છે. જેમાં એક ગાડી દીઠ ૫૦૦ રૂપિયા થી ૧૦૦૦ રૂપિયા સુધીના વહેવાર નક્કી થયેલા હોય છે. મોટાભાગના ટ્રક ડ્રાયવર પાસે રોયલ્ટી પાસ વગર રેતીની હેરાફેરી દેવગઢબારીયા થી રાજસ્થાન, મધ્યપ્રદેશ સુધી કરતા હોય છે.

આમ, દેવગઢબારીયા તાલુકા ની પાનમ નદી તથા ઉજ્જ્વળ નદી ઉપર ગેરકાયદેસર રીતે ચાલતી રેતી ની લીઝો તંત્ર દ્વારા બંધ કરાવાય તે જરૂરી છે.

## દાહોદ જીલ્લામાં બે પ્રોહિબીશન રેડ દરમિયાન દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં ૨ જુદી જુદી જગ્યાએ પોલીસ પ્રોહી રેડ દરમ્યાન કુલ રૂપિયા ૯૩,૮૪૦/– ના પ્રોહી જથ્થા સાથે એક મોટસાયકલ સાથે ૨ ઈસમોને ઝડપી પાડયા જ્યારે એક નાસી જવામાં સફળ રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રોહિનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના છાપરી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૨ ઓક્ટોબરના રોજ છાપરી ગામે તળાવ ફળિયામાં રહેતા મનીષભાઈ રામમિલન ગુપ્તાના રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં પોલીસે મનીષભાઈને ઝડપી પાડયો હતો અને મકાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૪૪૪ કિંમત રૂ. ૬૨,૩૪૦/– નો પ્રોહી જથ્થો કબજે કરી દાહોદ તાલુકા પોલીસે મનીષભાઈ રામમિલન ગુપ્તા વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના ખોખરા ગામે જંબુસર ચોકડી પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૨ ઓક્ટોબરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ખોખરા ગામે જંબુસર ચોકડી ઉપર વોચ ગોઠવી ઊભી હતી. ત્યારે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ ૦૨ મોટસાયકલ પર સવાર થઈ પસાર થઈ રહેલ ભિમસિંગભાઈ મથુરભાઈ રાઠવા (રહે. મીથીબોર, છોટાઉદપુર) અને નિલેશભાઈ અભેસિંગ તડવી (રહે. ખોખરા, તા. ધાનપુર, જિ. દાહોદ) નો પોલીસે પીછો કરતા નિલેશભાઈ પોલીસેને ચક્મો આપી પોતાના કબ્જાની મોટસાયકલ લઈ નાસી ગયો હતો. જ્યારે ભિમસિંગભાઈને પોલીસ મોટસાયકલ સાથે ઝડપી પાડી તેની પાસેથી વિદેશી દારૂની બોટલો નંગ. ૩૦૬ કિંમત રૂ. ૩૧,૫૦૦/– ના પ્રોહી જથ્થા સાથે ભિમસિંગભાઈને ઝડપી પાડી ઉપરોક્ત બંને ઈસમો વિરૂદ્ધ ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદમાં ફાયર NOC ન હોવાથી આરોગ્ય કેન્દ્ર સહિત સાત એકમો સીલ

દાહોદ,

ઝાલોદ પાલિકા દ્વારા શનિવારના રોજ રિજિયોનલ ફાયર ઓફિસર સ્ટેટ પ્રિવેન્શન વડોદરાના હુકમને લઈને ફાયર NOC મેળવવા બાબતે ઝાલોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર સહિત ૫ હોસ્પિટલ, શાળાઓ સામે સીલની કાર્યવાહી કરવામાં આવતા પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

પાલિકા દ્વારા ફાયર સેફ્ટીના સાધનો બાબતે આદેશ કરવા છતાં તપાસ દરમિયાન ઝાલોદ સામુહિક આરોગ્ય મળી ૫ હોસ્પિટલ સરકારી વિજ્ઞાન મીરા હોસ્પિટલ તથા આર.કે. દેસાઈ કોલેજ ઝાલોદ કેળવણી મંડળની શાળાઓ બ્રાઈટ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ મણીબેન હાઈસ્કૂલમાં રિજિયોનલ ફાયર ઓફિસર સ્ટેટ પ્રિવેન્શન સર્વિસીસ વડોદરા વિભાગને ન મેળવેલ હોવાનું ખાસ ધ્યાને આવતા પાલિકાને કાર્યવાહીનો લેખિત હુકમ કરવામાં આવ્યો હતો. જેના પગલે પાલિકાની ટીમ દ્વારા ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં સાત સ્થળે સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાલિકાની આ કાર્યવાહી એનઓસી વિનાના અન્ય લોકોમાં પણ ફફડાટ જોવા મળ્યો હતો.

## ઝાલોદના દેપાડા ગામે અજાણ્યા ઈસમો ૪૦ વર્ષીય વ્યકિતને તિક્ષ્ણ હથિયાર વડે મારમારી મોત નિપજાયું

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના દેપાડા ગામના પુરૂષની કોઈ અજાણ્યા ઈસમો દ્વારા તીક્ષ્ણ હથિયારો વડે માથાના ભાગે તેમજ શરીરે ગંભીર માર મારી લોહીલુહાણ કરી મોતને ઘાટ ઉતાર્યા બાદ પુરૂષની લાશને મલવાસી ગામેથી મળી આવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો ત્યારે પોલીસે આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ઝાલોદ તાલુકાના લીમડી ગામે ડેપાડા ફળિયામાં રહેતાં ૪૦ વર્ષીય સુનીલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમાર ગતરોજ પોતાના ઘરેથી રાતના સાડા આઠેક વાગ્યાના સમયગાળા દરમ્યાન ભજનમાં જાઉં છું અને લીમડી સર્કલ પરથી માણસો લેવા આવવાના છે, તેમ કહી ઘરેથી મોટરસાઈકલ લઈ ઘરેથી નીકળ્યાં હતાં. આખી રાત થઈ જતાં અને વહેલી સવારે પણ સુનીલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમાર ઘરે પરત ન આવતાં પરિવારજનો સુનીલભાઈની શોધખોળ આરંભી હતી ત્યારે આજરોજ સુનીલભાઈનો મૃતદેહ લીમડી ચાકલીયા રોડ તરફ મલવાસી ગામ તરફ જવાના ત્રણ રસ્તા નજીક લીલવા ઠોકરની સીમમાં રોડની બાજુમાંથી મળી આવતાં પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને પણ કરાતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. સુનીલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમારની મોટરસાઈકલ પર નજીકમાંથી લોહીના ડાઘાવાળી મળી આવી હતી. સનીલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમારને માથાના ભાગે, શરીરે તીક્ષ્ણ હથિયારો વડે ઘા મારી અજાણ્યા ઈસમોએ મોતને ઘાટ ઉતાર્યો હોવાનું કહેવાઈ રહ્યું છે.

આ સંબંધે મૃતક સુનીલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમારના ભાઈ અનીલભાઈ જોખનાભાઈ પરમારે આ સંબંધે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## દાહોદના કતવારા નજીક અકસ્માત : યુવાન તબીબનું મોત નિપજતા તબીબ આલમમા ઘેરા શોકની લાગણી ફેલાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના કતવારા ગામ નજીક મોડી રાત્રે કાર ચલાવતા તબીબે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી મારી રોંગ સાઈડ પર ગયા બાદ રોડની સાઈડના ખાડામાં ખાબકતા કાર ચલાવતા તબીબને ગંભીર ઈજાઓ થતાં ડોક્ટર રાહુલ લબાનાનુ મોત નીપજતા દાહોદના તબીબી આલમમા ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત મોડી રાત્રે ડોક્ટર રાહુલ લબાના પોતાની કાર લઈને દાહોદ તરફ આવતા હતા તે દરમ્યાન વરસાદના કારણે રોડ પર પડેલા ખાડામાં પાણી ભરેલું હોવાથી કારચાલક ડોક્ટર રાહુલ લબાના એ કારના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર રોંગ સાઈડ તરફ પલટી મારીને જતી રહી હતી અને રોડની સાઈડના ખાડામાં ખાબકી હતી આકસ્માત માં ડોક્ટર રાહુલ લબાના ને ગંભીર ઈજાઓ થતાં તેઓનો મોત નીપજ્યું હતું. હાલ તો અકસ્માત મામલે પોલીસે અકસ્માતની ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## દે.બારીયા શહેરમાં ચીસ્તીયા ફ્રેન્ડ સર્કલના દ્વારા ચાલીસવા તથા એહમદ રઝાના ૧૦૩માં ઉર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી

દે.બારીયા,

દે.બારીયા શહેરના સુન્ની મુસ્લીમોના દ્વારા સુન્નીઓના ઈમામ એહમદ રઝા બેલવી તથા હજરત ઈમામ હુસૈન ર.દી.સ.ના ચાલીસવાના મોકા ઉપર ૨૫ સફરના ૩/૧૦/૨૦૨૧ રવિવારા રોજ તમામ સુન્ની મુસ્લીમોના ઘરે ઘરે ૨૪ વી ઓ તથા અશરફીઓએ ફાતેહા ખવાની કરવામાં આવી હતી. જેનાથી બુજુર્ગોની યાદ તાઝા થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા ભે દરવાજા વિસ્તારના ચિસ્તીયા ફ્રેન્ડ સર્કલના પ્રયાસો થી ૨૫ સફર તા.૩/૧૦/૨૦૨૧ના રવિવારના રોજ સાંજે મગરીબ બાદ ઉસ્કુલ્લાશાહ બાબાના આસતાના પર આમ નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં નાના–મોટા તથા નૌજવાનો, હયાતીત ઉર્ષ ૧૦૩ તથા ચાલીસવાના મુખ્ય હેતુ સાથે સામેલ થઈ ધન્યતા અનુભવી રહ્યા છે અને સાથે ઉર્ષની એકબીજાને મુબારક બાદ આપી રહ્યા હતા.

“મુઝ સે ખિદમત કી કુદ્રસી કહે હારઝા,
મુસ્તફા જાને રેહમત પે લાખો સલામ.
કર બલા કી જજા ઔર ઈમામે હુસેન
ઉસ સહી દે મોહબ્બત પે લાખો સલામ.”

## આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દાહોદ નગરમાં પેડલ ટુ કાલી ડેમ સાયકલ રેલી યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દાહોદ નગરમાં પેડલ ટુ કાલી ડેમ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ અને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ વહેલી પરોઢે સાયકલ રેલીને ફ્લેગ ઓફ કરાવી પ્રારંભ કરાવ્યો હતો. નગર પાલિકા પ્રમુખ પંચાલે આ સાયકલ રેલીમાં ભાગ પણ લીધો હતો. આ સાયકલ રેલી દાહોદ નગરનાં વિવિધ વિસ્તારોમાં થઈને જિલ્લા સેવા સદનના રસ્તે કાલી ડેમ પહોંચી હતી અને ત્યાર બાદ વિશ્રામગૃહ દાહોદ ખાતે તેનું સમાપન કરવામાં આવ્યું હતું. ૮૦ થી વધુ સાયકલ સવારોએ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં પણ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજીને આઝાદીના ઈતિહાસથી નવી પેઢીને અવગત કરવામાં આવી રહી છે.

## દેવગઢબારીયા વીજ કંપનીનો ખાડે ગયેલો વહીવટ : ગામડામાં સાંજના સમયે થતું અંધારૂં

દે.બારીયા,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા તાલુકા મથકે વીજ કંપની નું સબસ્ટેશન આવેલું છે અને જ્યાંથી દેવગઢબારીયા શહેર સહીત ગામડામાં દરેક જગ્યા એ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ચોમાસુ સત્રની જમાવટ થયા પછી વરસાદ પડે છે અને લાઇન ફોલ્ટ છે. તેવું બહાનું કાઢી વીજ પુરવઠો બંધ કરી દેવાતો હોય છે.

દેવગઢબારીયા પાલિકાનું લાખ્ખો રૂપિયા લાઈટ બિલ બાકી હોવા છતાંય વીજપુરવઠો બંધ જોવા મળતો નથી. જયારે ગામડામાં નિયમિત રીતે વિજબીલ ભરાય જતું હોવા છતાં નિયમિત વીજ પુરવઠો ગામડામાં મળતો નથી. સરકાર દ્વારા ગામડામાં ૨૪ કલાક વીજળી આપવાની જયોતિગ્રામ યોજના અમલમાં મુકવામાં આવી છે. પણ આ યોજના હજુ સુધી કોઈ ગામમાં પુરી રીતે કાર્યરત થઈ હોય તેમ જણાતું નથી. દેવગઢબારીયા તાલુકામાં જુનાબારીયા, ટીડકી, બૈણા, કુવા, રાતડીયા, રાણીપુરા, સાગારામા, કાળીડુંગરી, બીલીયા, ભડભા, અભલોડ ભુવાલના સરપંચ તથા રાજકીય આગેવાનોએ વીજળી સમયસર મળી રહે તે માટે અનેકવાર રજૂઆત કરી હોવા છતાંપણ જવાબદાર અધિકારી નહીં હોવાના કારણે રજુઆત કોઈ સાંભળતું નથી. જુનાબારીયા ના સરપંચ વિજય પટેલ ના જણાવ્યા મુજબ અમારા ગામ બાજુ તો સાંજ પડતા લાઈટ જતી રહેતી હોય છે. જેને લીધે અભ્યાસ કરતા બાળકો ને હમણાં ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ હોય બાળકો ને વાંચવું – લખવું બાકી રહી જતા શાળામાં શિક્ષકો દબડાવતા હોય છે. જયારે પણ વીજ કચેરીએ ફોન કરવામાં આવે છે. ત્યારે લાઇન તો ચાલુ છે. તેમ કહી ફોન કટ કરી દેતા હોય છે. માટે કોઈ સાચો પ્રત્યુત્તર ગ્રાહકોને મળતો નથી. આમ દેવગઢબારીયા તાલુકાના ગામડા માં નિયમિત રીતે વિજપુરવઠો આપવા વિજગ્રાહકોની માંગ છે.

## દાહોદમાં ગાંધી જયંતિની ઉજવણી કરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ બીજી ઓક્ટોબર નિમિતે પરમ પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૨ મી જન્મ જયંતી નિમિતે દાહોદ શહેરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કર્યા બાદ દાહોદ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, શહેર ભાજપ શહેર લઘુમતી ભાજપ મોર્ચાએ દાહોદના મુસ્લિમ સમાજના કબ્રસ્તાનમાં અને વ્હોરા સમાજના કબ્રસ્તાનમાં એમ અલગ અલગ કબ્રસ્તાનમાં ગાંધી જયંતિ અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતી નિમિતે બન્ને સમાજના કબ્રસ્તાનમાં વૃક્ષારોપણ કરી બન્ને મહાનોની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી અને બધા લોકોએ બજારમાં જઈ ખાદીની ખરીદી પણ કરી હતી.

## વડોદરા રેલવે સ્ટેશનનું નિરિક્ષણ કરતી રેલવેની યાત્રી સેવા સમિતિએ વખાણ કર્યા



વડોદરા,

રેલ મંત્રાલયની ઉચ્ચિકારી પ્રાપ્ત યાત્રી સેવા સમિતિ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન હાલમાં ચાલી રહેલા સ્વચ્છતા પખવાડા દરમિયાન સદસ્યો અને અધિકારીઓએ તથા કર્મચારીઓ સહિત ઉપસ્થિત યાત્રીઓને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતાં. ચેરમેન રત્નએ સ્ટેશનની સ્વચ્છતા અને ડિસ્પ્લે બોર્ડ પર તથા ફુટ ઓવરબ્રિજની સીડી પર યાત્રી મિત્રવૃત માહિતી ઉપલબ્ધ કરાવવા માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રેલ પ્રશાસના વખાણ કર્યા હતાં. આ દરમિયાન તેમણે યાત્રીઓ સાથે વાતચીત પણ કરી હતી અને તેમની પાસેથી ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન યાત્રીઓએ રેલવે દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓથી સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે યાત્રી સહાયકો (કુલીઓ) તથા સ્વચ્છતા માટે આવેલ લિડ એનજીઓની છાત્રાઓની ટીમ સાથે પણ સ્વચ્છતા સંવાદ કર્યો હતો. તેમણે રેલવે અધિકારીઓને વિનંતી કરી હતી કે યાત્રી સુવિધાઓ પ્રત્યે વિશેષ ધ્યાન રાખવામાં આવે અને મેન્ટનન્સ તથા રીપેરિંગની ત્વરિત રીતે કામગીરી થાય. સમિતિના ચેરમેન રત્ન દ્વારા વડોદરા સ્ટેશન પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ અને તેની જાળવણી બાબતે પ્રસન્નતા વ્યક્ત કરતા સ્ટેશન ડાયરેક્ટર અને તેમની ટીમને રૂ.૧૦,૦૦૦ , ડિવિઝન અધિકારીઓની ટીમને રૂ.૧૦,૦૦૦, આરપીએફ અને વાણિજ્ય વિભાગને રૂ.૫,૦૦૦ તથા જીઆરપી ટીમને રૂ.૫,૦૦૦ ના પુરસ્કારની જાહેરાત કરી હતી. ડિવિઝનલ રેલવે મેનેજર અમિત ગુપ્તાએ ચેરમેન અને સદસ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેમને સ્મૃતિ ચિન્હો પ્રદાન કર્યા હતાં.રેલ મંત્રાલયની ઉચ્ચિકારી પ્રાપ્ત યાત્રી સેવા સમિતિ દ્વારા વડોદરા રેલવે સ્ટેશનનું નિરિક્ષણ કરવામાં આવેલું. સમિતિના ચેરમેન રમેશચંદ્ર રત્નની અધ્યક્ષતા હેઠળ સદસ્યગણ કિશોર શાનબાગ, યતિન્દ્ર સિંહ, ડૉ.ગુલાબ સિંહ ટિકરિયા, સંજીવ નારાયણ દેસાઈ અને બબીતા પરમાર દ્વારા સ્ટેશન પર જન આહાર, રેલવે સ્ટોલ પ્લેટફોર્મ નં. ૧ અને ૨ તથા ૩ પર યાત્રિઓની સેવાઓ જેવી કે વોટર પોઈંટ,સીસીટીવી સર્વેલન્સ રુમ, જનરલ વેઈટીંગ રુમ,એસી વેઈટીંગ રુમ તથા સરક્યુલેટિંગ એરિયાનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું.

## દે.બારીયાના પીપલોદ ગામે ફોર વ્હીલ ચાલકે રાહદારી મહિલાને અડફેટમાં લેતાં મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે બાયપાસ હાઈવે રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતી જતી એક મહિલાને અડફટેમાં લેતા મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તા. ૦૨ ઓક્ટોબરના રોજ પીપલોદ ગામેથી પસાર થતાં હાઈવે રોડ ઉપરથી એક ઈક્કો ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી દેવગઢ બારીઆ તાલુકાના નાનીઝરી ગામે ડાયરા ફળિયામાં રહેતા બુધલીબેન ધુલાભાઈ ડાયરાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં બુધલીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી અને જેને પગલે તેઓનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે નાનીઝરી ગામે ડાયરા ફળિયામાં રહેતા ધુલાભાઈ માનસિંગભાઈ ડાયરાએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિકનોની સહભાગીતા



દાહોદ,

સ્વતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ ઝાલોદના ભરત ટાવર પાસે એકાતમતા ચોકમાં આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત સાંજે ૬–૦૦વાગ્યે રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વ જૂનાગઢ થી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોરોના વોરિયર સન્માન કાર્યક્રમ ઝાલોદના પ્રાંત અધિકારી ચૌધરીની અદયક્ષતામાં ડી.વાય.એસ.પી. જાદવ, તાલુકા આરોગ્ય અધિકારી ડો. પાંડે અને સબ ડ્રિસ્ટ્રીક હોસ્પિટલના ડૉ કટારા, કોરોના મુક્ત અભિયાનના પ્રતિનિધિઅગ્નેશ પંચાલ, કેળવણી મંડળ પ્રમુખ દિલીપભાઈ પટેલ, ડોક્ટર એસોસિઅન ના ડૉ સોનલ દેસાઈ, વેપારી એસોસિઅન ના મંત્રી મુકેશભાઈ અગ્રવાલ અને નગરપાલિકાના ચીફ ઓફિસર પરમારની આગેવાનીમાં નગરજનોની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ બે મિનિટનો જાહેર શોક પાળ્યા બાદ ભારત માતા પૂજન, દેશ ભક્તિ ગીત, રજુ કર્યા બાદ મહેમાનોનું સન્માન કરીને સૌ અગ્રણીઓએ ઝાલોદ તાલુકામાં કોરોનાની બંન્ને લહેરમા કોરોના થી સંક્રમિત દર્દીઓ અને દર્દી પરિવારની વિવિધ પ્રકારે સેવા કરી સહાયભૂત બનનાર તમામ કોરોના વોરિયર તરીકે કરેલ પ્રશસનીય કામગિરીને ધ્યાને લઈને પ્રાંત કચેરી ઝાલોદ તરફથી સન્માનપત્ર આપીને આરોગ્ય, પોલીસ,નગરપાલિકા ના કર્મચારીઓની સાથે સાથે કોરોનામુક્ત અભિયાન ના સૌ સ્વયંસેવકોનું, દાતાઓનું અને સહયોગ આપનાર સામાજીક અને સ્વૈચ્છીક સંસ્થાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી એ પહેલી અને બીજી લહેરમાં તો સૌના સાથ અને સહકાર થી દવાઈ ભી અને જરૂર પડ્યે કડકાઈ કરીને જેટલું બચાવી શકાય તેટલું બચાવી શકવામા કોરોના મુક્ત અભિયાન ટીમની કામગીરી સરાહનીય રહી હતી. સાથે સાથે સ્મશાન સેવાના ગોપાલભાઈ દરજીની સેવાની પ્રશંસા કરી હતી. લોકોની સહભાગીતા અને સરકારી તંત્રના સહયોગથી બીજી લહેર ના આપને સામનો કરી શક્યા સંભવિત ત્રીજી લહેર થી બચવાં માટે સાવચેતી ના પગલાં અને એસઓપી નું પાલન સૌ કરે, બાકી લોકો વેક્સીન લઈ લે, માસ્ક પહેરી ભીડને ટાળો તેવો આગ્રહ રાખ્યો હતો અંતે ઓનલાઈન રાષ્ટ્રગાનમા સૌ જોડાયા હતા.કાર્યક્રમ નું સફળ સંચાલન અભિયાન ટીમના વહીવટી સચિવ રાજેશભાઈ પરમાર અને પ્રો ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અભિયાન ટીમ દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

## ફતેપુરાના વાંદરીયા ગામે પ્રા.શાળા માંથી ૨૦ હજારના ઈલેકટ્રોનિકલ વસ્તુઓની ચોરી કરતા તસ્કરો

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વાંદરિયા પૂર્વ ગામે આવેલ પ્રાથમિક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી ઓફિસમાંથી એલ.સી.ડી, મોનીટર વિગેરે મળી કુલ રૂપિયા ૨૦૫૦૦/– નો હાથફેરો કરી તસ્કરો નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધવા પામી છે.

ગત તા.૦૧ ઓક્ટોબરના રોજ વાંદરિયા ગામે આવેલ પૂર્વ પ્રાથમિક શાળામાં તસ્કરો પ્રવેશ્યા હતા અને પ્રાથમિક શાળાની ઓફિસના મુખ્ય દરવાજાનું તાળું તોડ્યું હતું. ઓફિસમાંથી એલ.સી.ડી, મોનીટર વિગેરે મળી કુલ રૂપિયા ૨૦૫૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ તસ્કરો નાસી જતા આ સંબંધે શાળામાં ફરજ બજાવતા ધારજીભાઈ મડીયાભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.36

